Date :- 16-09-2024
Sandesh, Page-14, Surat

# આજે વડાપ્રધાન મોદીના હસ્તે આઠ હજાર કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

**મેટ્રોમાં સવારી સાથે મોટેરાથી સેક્ટર-૧ સુધીની મેટ્રોનું લોન્ચિંગ**

## આજે સવારે મહાત્મા મંદિર ખાતે ચોથી રિન્યુએબલ એનર્જી પરિષદ તથા એક્સ્પોનું ઉદ્દ્ઘાટન

| અમદાવાદ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલ સોમવારે શ્રેણીબંધ કાર્યક્રમોમાં ભાગ લેવાના છે. સવારે તેઓ ગાંધીનગરના વાવોલ ખાતેની એક ખાનગી રહેણાક સોસાયટીમાં સોલાર પ્રોજેક્ટ નીહાળવાના છે. ત્યારબાદ સવારે ૧૦:૩૦ વાગે તેઓ મહાત્મા મંદિર ખાતે યોજાઈ રહેલી ચોથી રિન્યુએબલ એનર્જી પરિષદ તથા એક્સ્પોનું ઉદઘાટન કરશે તથા ત્યાં મોટી સંખ્યામાં હાજર રહેનારા રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સના દેશ વિદેશના પ્રમોટરોને સંબોધવાના પણ છે. બપોરે તેઓ અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે પહોંચી આશરે આઠ હજાર કરોડના વિવિધ પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત તથા ઉદ્દ્ઘાટન કરવાના છે.



### PM મોદીનો આજનો કાર્યક્રમ

| | |
|---|---|
| 09:45 | વાવોલ ખાતે ખાનગી રહેણાંક સોસાયટીમાં સોલાર પ્રોજેક્ટની મુલાકાત |
| 10:30 | મહાત્મા મંદિર ખાતે ચોથી રિન્યુએબલ એનર્જી પરિષદ-એક્સ્પોનું ઉદ્દ્ઘાટન તથા ભાષણ |
| 12:00 | રાજભવનમાં ભોજન લેશે ત્યારબાદ થોડો વિરામ પણ કરશે |
| 2:00 | સેક્ટર-૧થી ગિફ્ટસિટી સુધી મેટ્રો રેલમાં પ્રવાસ + લોકાર્પણ |
| 4:00 | GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે વિવિધ પ્રોજેક્ટ્સના ખાતમુહૂર્ત તથા ઉદ્દ્ઘાટન |
| 6:30 | રાજભવન પરત ફરશે અને રાત્રિ રોકાણ પણ ત્યાં જ કરશે |

## GMDC પહોંચવા નાગરિકો માટે AMTSની ૯૦૦ બસ ફાળવાઈ

**VVIP, VIP માટે વ્હાઈટ સોફા મુકાયાઃ અલગ અલગ બ્લોકમાં ખુરશીની વ્યવસ્થા**







| અમદાવાદ |

વડા પ્રધાન નરેન્દ્ર મોદી GMDC ગ્રાઉન્ડ ખાતેથી અંદાજે રૂ. ૮,૦૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને અનુલક્ષીને AMC દ્વારા એક સપ્તાહથી તડામાર તૈયારી હાથ ધરીને કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને રવિવારે મોડી રાત સુધી કામગીરી હાથ ધરીને કાર્યક્રમના આયોજનને અંતિમ ઓપ આપવામાં આવ્યો હતો. GMDC ગ્રાઉન્ડ ખાતે યોજાનાર કાર્યક્રમ માટે AMCના તમામ વિભાગોના અધિકારીઓને ફરજ સોંપાઈ હતી. AMC કમિશનર, મેયર. ડે. મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન સહિત હોદ્દેદારો અને તમામ Dy.MC સહિત અધિકારીઓ ખડે પગે રહ્યા હતા. GMDC ગ્રાઉન્ડ ખાતે મુખ્ય સ્ટેજ, VVIP, VIP માટે વ્હાઈટ સોફા ગોઠવવામાં આવ્યા છે અને બંન્ને બાજુએ અલગ અલગ બ્લોકમાં ખુરશીની બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. GMDC ગ્રાઉન્ડ સુધી લોકોને પહોંચવા માટે AMTSની ૯૦૦ બસ ફાળવવામાં આવી છે. BRTSની ફાળવાઇ નથી. જોકે, PM નરેન્દ્ર મોદીના આગમનથી લઈને કાર્યક્રમ પૂરો થાય ત્યાં સુધી ૧૩૨ ફૂટના રીંગરોડ પર BRTSને સ્થગિત કરી દેવાશે.

ડ્રાઈવ ઈન સિનેમાથી હેલ્મેટ સર્કલ સુધીના મુખ્ય રોડને રીસરફેસ કરાયો છે અને GMDC ગ્રાઉન્ડની આસપાસના રોડની કામગીરી અને ફૂટપાથને રંગરોગાન કરવામાં આવ્યા છે તેમજ ૧૩૨ ફૂટના રિંગ રોડ તથા રાત- દિવસ સફાઈ કામગીરી હાથ ધરીને GMDC ગ્રાઉન્ડની આસપાસના રોડનો ચોખ્ખા-ચણાક બનાવી દેવામાં આવ્યા છે. મ્યુનિ. સોલિડ વેસ્ટ ખાતાએ કાર્યક્રમ પૂરો થયા બાદ જીએમડીસી ગ્રાઉન્ડ અને આસપાસનાં વિસ્તારમાં સતત સફાઈ અભિયાનનુ આયોજન કરી દીધુ છે. વટવા, નિકોલ, વસ્ત્રાલ, અમરાઈવાડી, સહિતના પૂર્વના વિસ્તારોમાંથી નાગરિકો અને BJPના કાર્યકરોને GMDC ગ્રાઉન્ડ સુધી પહોંચવા માટે મેટ્રો રેલનો ઉપયોગ કરવા માટે આયોજન કરાયું છે. BJPના ધારાસભ્યો, હોદ્દેદારો, કોર્પોરેટરોને કાર્યક્રમના સ્થળે વધુ લોકો એકત્રિત કરવા સૂચના આપવામાં આવી છે. GMDC ગ્રાઉન્ડની આસપાસના રોડ પરના વૃક્ષોનું ટ્રીમિંગ કરવામાં આવ્યું છે અને આ સમગ્ર રૂટ પર ઢોર રખડતા ન જોવા મળે તે માટે CNCD વિભાગને તાકીદ કરવામાં આવી છે અને આ વિસ્તારોમાં CNCDની ટીમો રાઉન્ડ લગાવી રહી છે. ટ્રાફિકની કોઈ સમસ્યા ન સર્જાય તે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે અને પોલીસ કર્મીઓને ખડેપગે તૈનાત કરાયા છે.